PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST: 1) Assistant Professor,Industrial Engineering,
Class II, (ALP-A) (Advt. No. : 84/2015-16)
(2)Assistant Professor, Power Electronics (AMQ-A)
(Advt. No. : 89/2015-16) Class II
DATE OF PRELIMINARY TEST : 18-03-2017
SUBJECT : General Studies (Que. 001-100)

Date of Publish : 27/03/2017
Last Date to send Suggestion(s) : 03-04-2017
Note : Candidate must ensure the complaince to send all suggestion in the given format with reference to this paper with provisional answer key only. Any non compliance shall not be treated.

**001.** ગુજરાત રાજ્યની વસ્તી પૈકી કેટલા ટકા વસ્તી શહેરી વિસ્તારમાં રહે છે? (સને 2011ની વસ્તી ગણતરી મુજબ)

(A) 42.60 (B) 24.60

(C) 64.20 (D) 52.60

**002.** ગુજરાત રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં લીટરસી રેટ (Literacy rate) કેટલો છે?

(A) 78.00 (B) 71.70

(C) 86.30 (D) 73.00

**003.** 68મો ગણતંત્ર દિવસ, રાજ્ય સરકાર દ્વારા ક્યા શહેરમાં ઉજવવામાં આવેલ હતો?

(A) આણંદ (B) જામનગર

(C) ભાવનગર (D) અમદાવાદ

**004.** દેશમાં જંગલોના કુલ 16 પ્રકારો પાડવામાં આવેલ છે. તે પ્રકારોને ધ્યાને લેતા ગુજરાતમાં કેટલા પ્રકારના વનો અસ્તિત્વ ધરાવે છે?

(A) 4 (B) 5

(C) 6 (D) 7

**005.** મેન્ગ્રોવ્સ (ચેર) માટેનાં વિધાનો પૈકી ક્યાં વિધાન/વિધાનો સાચાં છે?

(1) ચેર બિન ઈમારતી વન પેદાશોનો અગત્યનો સ્ત્રોત છે.

(2) ભરતી, ઓટ, તોફાનોથી, દરિયા કિનારાનું ધોવાણ અટકાવે છે.

(3) તે કાર્બન સિંક (કાર્બન શોષક) તરીકે કામ કરે છે.

(4) ગુજરાતના દરિયામાં ચેર જોવા મળતા નથી.

(A) 1 અને 2 (B) 1, 2 અને 3

(C) 1, 2, 3 અને 4 (D) 1, 2, અને 4

**006.** જાન્યુઆરી 2017માં ''વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ-2017'' યોજવામાં આવેલી હતી, તે કેટલામી સમીટ હતી?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

**007.** દેશમાં કોલસાથી વિજળીનું ઉત્પાદન કરતા પાંચ (Five) સૌથી મોટા એકમો પૈકી બે એકમો ગુજરાતમાં આવેલ છે. તે એકમો ક્યા સ્થળે આવેલા છે?

(A) મુંદ્રા (B) સાબરમતી (અમદાવાદ)

(C) વડોદરા (D) સુરત

**008.** ધર્મ - સંપ્રદાય અને મંદિર/પુજા સ્થાનને યોગ્ય રીતે ગોઠવો.

(1) વૈષ્ણવ સંપ્રદાય A) અમદાવાદ

(2) જરથોસ્તી ધર્મ B) ઉદવાડા

(3) ખ્રિસ્તી ધર્મ C) દ્વારકા

(4) બહાઈ ધર્મ D) ખંભાત

(A) 1-B, 2-D, 3-A, 4-C (B) 1-C, 2-B, 3-D, 4-A

(C) 1-D, 2-A, 3-C, 4-B (D) 1-A, 2-C, 3-B, 4-D

**009.** પ્રાચીન સ્મારક/મકાન અને તેના સ્થળને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| A) એન્ડ્રુઝ લાયબ્રેરી | 1) પાટણ |
| B) લક્ષ્મીવિલાસ પૅલેસ | 2) સુરત |
| C) સંતરામ મંદિર | 3) વડોદરા |
| D) રાણકીવાવ/રાણીની વાવ | 4) નડિયાદ |

(A) A-4, B-1, C-2, D-3
(B) A-3, B-4, C-1, D-2
(C) A-2, B-3, C-4, D-1
(D) A-1, B-2, C-3, D-4

**010.** લેખકો અને કૃતિઓને ધ્યાને લઈને ક્યુ જોડકું યોગ્ય નથી તે જણાવો.
(1) પ્રેમાનંદ ⟶ ઓખા હરણ
(2) અખો ⟶ પંચી કરણ
(3) કવિ નર્મદ ⟶ કવિચરિત્ર
(4) બાલાશંકર કંથારિયા ⟶ તરંગ લીલા

(A) 1
(B) 2
(C) 3
(D) 4

**011.** નીચેની બાબતો કોને લાગુ પડે છે?
(1) તેઓ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ હતા.
(2) દિલ્હીની સાહિત્ય અકાદમીનાં પ્રમુખ હતા.
(3) તેઓને રણજિતરામ સુવર્ણચંદ્રક, સાહિત્ય અકાદમી દિલ્હીનો એવોર્ડ મળેલ છે.
(4) તેઓ રાજ્યસભાનાં સભ્યશ્રી હતા.

(A) શ્રી પ્રહલાદ પારેખ
(B) શ્રી જયંતિ દલાલ
(C) શ્રી ઉમાશંકર જોશી
(D) શ્રી મકરંદ દવે

**012.** નીચેના પૈકી, કાવ્યમાં વપરાતા છંદમાં કોનો સમાવેશ થતો નથી.
(A) વસંતતિલકા
(B) અનુષ્ટુપ
(C) વંશસ્થ
(D) વ્યાજ સ્તુતિ

**013.** પશ્ચિમ ઘાટમાં આવેલ કુદ્રેમુખ બાબતે કઈ બાબતો સાચી છે.
(1) વિશ્વ પ્રસિધ્ધ "જૈવ વિવિધતા" ધરાવતું સ્થળ છે.
(2) માત્ર નિકાસ કરવા માટેની ખાણો આવેલ છે.

(A) કથન 1 સાચું છે.
(B) કથન 2 સાચું છે
(C) કથન 1 અને 2 સાચાં છે
(D) કથન 1 અને 2 બન્ને સાચા નથી

**014.** મનરેગા (MANREGA) બાબતે ક્યુ વાક્ય/વાક્યો સાચા છે?
(1) નોંધાયેલ વ્યક્તિને ગ્રામ પંચાયત, જૉબકાર્ડ આપે છે.
(2) યોજનાનો ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકાર વહેંચી લે છે.
(3) બાંધકામ અંગેની જવાબદારી ખાનગી ઠેકેદારોને (Contractors) આપવામાં આવે છે.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

015. અગત્યના મેળા અને તેના રાજ્ય યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| A) પુષ્કર મેળો | 1) ઉત્તરપ્રદેશ |
| B) ભવનાથ | 2) બિહાર |
| C) કુંભમેળો | 3) ગુજરાત |
| D) સોનીપુર મેળો | 4) રાજસ્થાન |

(A) A-3, B-1, C-2, D-4
(B) A-1, B-2, C-4, D-3
(C) A-4, B-3, C-1, D-2
(D) A-2, B-4, C-1, D-3

016. નીચેના પૈકી ક્યા શહેરમાં ઈલેક્ટ્રોનિક સીટી [Electronic City] વિસ્તાર/હબ આવે છે?

(A) મુંબઈ
(B) પુણે
(C) બેંગલુરૂ
(D) ગુરૂગ્રામ (Gurugram)

017. વાઈલ્ડ લાઈફ સેન્ચુરી/નેશનલ પાર્ક અને તેનાં રાજ્યો જણાવેલ છે. તે પૈકી ક્યું જોડકું યોગ્ય નથી.

(1) સુંદરબન → પશ્ચિમ બંગાળ
(2) કાઝીરંગા → આસામ
(3) કોલાડીઓ ઘાના બર્ડ સેંન્ચુરી → કેરલા
(4) કાન્હા નેશનલ પાર્ક → મધ્યપ્રદેશ

(A) 1
(B) 2
(C) 3
(D) 4

018. ઈકાનોમિક સર્વે - કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે?

(A) ચીફ ઈકોનોમિક એડવાઈઝર, નાણા મંત્રાલય
(B) ગવર્નર RBI
(C) ચેરમેન નાબાર્ડ (NABARD)
(D) ચેરમેન 'સેબી' (SEBI)

019. પૃથ્વીના તાપમાન અને પ્રકાશ, ગરમી, ઠંડીનાં આધારે પૃથ્વીને કેટલા ઝોન (કટિબંધો) માં વિભાગવામાં આવે છે.

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

020. સ્થાપત્ય અને તેનાં સ્થળને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| A) જગન્નાથ પુરી | 1) તાંજોર |
| B) એલિફન્ટાની ગુફાઓ | 2) મદુરાઈ |
| C) મીનાક્ષી મંદિર | 3) મુંબઈ |
| D) બ્રિહદેશ્વર મંદિર | 4) ભુવનેશ્વર |

(A) A-3, B-2, C-1, D-4
(B) A-4, B-3, C-2, D-1
(C) A-2, B-1, C-4, D-3
(D) A-1, B-4, C-3, D-2

**021.** ખનિજ અને તેનાં પ્રાપ્તિસ્થાન ગોઠવો.

| | |
|---|---|
| (1) કોલસો | A) ભંડારા |
| (2) સોનું | B) કરણપુરા |
| (3) અબરખ | C) હુટ્ટી (Hutti) |
| (4) મેંગેનીઝ | D) નેલ્લોર |

(A) 1-C, 2-D, 3-A, 4-B
(B) 1-B, 2-C, 3-D, 4-A
(C) 1-D, 2-A, 3-B, 4-C
(D) 1-A, 2-B, 3-C, 4-D

**022.** અલમતી ડૅમ કઈ નદી ઉપર બાંધવામાં આવેલો છે?
(A) ગોદાવરી
(B) કાવેરી
(C) ક્રિષ્ણા
(D) મહાનદી

**023.** નીચેના ક્યા દેશોના સમુહમાંથી - વિષુવવૃત્ત પસાર થાય છે?
(A) બ્રાઝિલ, ઝાંબીયા
(B) કોલંબીયા, કેન્યા
(C) બ્રાઝિલ, સુદાન
(D) ઈથોપિયા, ઈન્ડોનેશીયા

**024.** નીચેના ક્યા દેશની સીમા ઉપર "મેડીટેરીનીયન સી" (Mediterranean Sea) આવેલ નથી?
(A) સીરીયા
(B) જોર્ડન
(C) લેબેનૉન
(D) ઈઝરાયેલ

**025.** ભારતના સંવિધાનમાં "રાજ્ય"ની વ્યાખ્યા ક્યા આર્ટીકલમાં આપવામાં આવેલી છે?
(A) 10
(B) 11
(C) 12
(D) 13

**026.** ભારતના સંવિધાનના આર્ટિકલ 23(1) હેઠળ કઈ જોગવાઈ કરવામાં આવેલી છે?
(A) મુક્ત રીતે ધર્મની માન્યતા
(B) અમુક દાખલામાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ
(C) શિક્ષણનો હક્ક
(D) મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવતી મજૂરી પર પ્રતિબંધ

**027.** "પુરૂષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું પુરતું સાધન મેળવવાનો સમાન હક્ક રહે છે." આ બાબત ભારતના બંધારણના ક્યા આર્ટિકલમાં જણાવવામાં આવેલી છે?
(A) 39(A)
(B) 39(B)
(C) 39(C)
(D) 39(D)

**028.** "સંસદની કાર્યવાહી અંગે ન્યાયાલયો તપાસ કરી શકશે નહી." આ જોગવાઈ બંધારણના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલી છે?
(A) 124
(B) 123
(C) 122
(D) 120

**029.** માન. રાષ્ટ્રપતિની ચૂંટણી અંગેનાં નીચેના વિધાનોમાંથી ક્યા વિધાન/વિધાનો સાચા છે.

(1) આર્ટીકલ 54 હેઠળ, આ જોગવાઈ કરવામાં આવેલી છે.
(2) સંસદમાં બન્ને ગૃહોના ચૂંટાયેલ સભ્યો મતદાન કરે છે.
(3) રાજ્યની વિધાનસભાનાં ચૂંટાયેલ સભ્યો મતદાન કરે છે.
(4) રાષ્ટપતિની ચૂંટણીની રીત બંધારણમાં જણાવેલ છે.

(A) 1, 3, 4
(B) 1 અને 2
(C) 1 અને 3
(D) 1, 2, 3 અને 4

**030.** રાજ્યનાં રાજ્યપાલ તરીકે નીમવા માટેની લાયકાતોના સંદર્ભમાં નીચેના વાક્યો તપાસો.

(1) ગવર્નરની નિમણૂક, માત્ર ભારતનાં નાગરિકને જ આપી શકાશે.
(2) નાગરિકે 35 વર્ષની ઉમર પૂરી કરી હોવી જરૂરી છે.

(A) માત્ર પ્રથમ વાક્ય સાચું છે.
(B) માત્ર બીજુ વાક્ય સાચું છે.
(C) 1 અને 2, બન્ને વાક્યો સાચા છે.
(D) 1 અને 2 બન્ને વાક્યો સાચા નથી.

**031.** ''રાજ્ય-સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારી-તંત્રથી અલગ કરવા રાજ્ય પગલાં ભરશે.'' આ જોગવાઈ ક્યા આર્ટીકલમાં કરવામાં આવેલી છે?

(A) 47
(B) 48
(C) 49
(D) 50

**032.** ઉપરાષ્ટ્રપતિ, કોને સંબોધીને પોતાનું રાજીનામુ આપે છે?

(A) રાજ્ય સભાના વાઈસ ચેરમેન
(B) લોકસભાનાં અધ્યક્ષ
(C) માન. રાષ્ટ્રપતિશ્રી
(D) ઉપરોક્ત પૈકી કોઈપણ નહી

**033.** માન. રાષ્ટ્રપતિ દ્વારા સોપવામાં આવેલ કાયદાની બાબતોમાં બંધારણની જોગવાઈઓ મુજબ એટર્ની જનરલે કોને સલાહ આપવાની ફરજ છે?

(A) ભારત સરકાર
(B) રાજ્ય સરકાર
(C) ખાનગી કંપનીઓ
(D) જાહેર ક્ષેત્રનાં એકમો

**034.** પંચાયતોમા બેઠકો અનામત રાખવા બાબતની જોગવાઈ બંધારણના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલી છે?

(A) 243 (D)
(B) 243 (C)
(C) 243 (B)
(D) 243 (A)

**035.** માન. રાષ્ટ્રપતિ દ્વારા નાણા આયોગ [Finance commission] ની રચના બંધારણના ક્યા આર્ટિકલને ધ્યાને લઈને કરવામાં આવે છે?

(A) 277
(B) 279
(C) 280
(D) 282

036. રાજ્ય લોકસેવા આયોગના સભ્યશ્રી પોતાનું રાજીનામુ કોને આપે છે?
(A) માન. રાષ્ટ્રપતિશ્રી
(B) માન. ગવર્નરશ્રી
(C) માન. મુખ્યમંત્રીશ્રી
(D) માન. કાયદા મંત્રીશ્રી

037. ''નિયંત્રક-મહાલેખા પરીક્ષકની કચેરીનાં વહીવટી ખર્ચાઓ ભારતમા એકત્રિત ફંડ ખાતે ઉધારવામાં આવે છે.'' આ જોગવાઈ બંધારણનાં ક્યા આર્ટિકલમાં દર્શાવેલ છે?
(A) 149
(B) 148
(C) 147
(D) 146

038. કંપનીના સરવૈયા ઉપરથી (Balance-sheet) નીચે પૈકી કઈ બાબત જાણી શકાય છે?
(A) કંપનીની નફો કમાવવાની શક્યતા જાણી શકાય છે.
(B) કંપનીની આવક, ખર્ચ, ખરીદ-વેચાણની વિગતો જાણી શકાય છે.
(C) કંપનીની અસ્કયામતો (Assets) અને જવાબદારીઓ (Liability) જાણી શકાય છે.
(D) બજારના અનુમાનોને ધ્યાને લેતા સરવૈયાને પુનઃ આયોજીત કરી શકાય છે અને ખરીદ-વેચાણ જણાવી શકાય છે.

039. વ્યાપક વૃદ્ધિ (inclusive growth) ના લક્ષ્યાંકો સિધ્ધ કરવા કઈ બાબત જરૂરી છે?
(A) સ્વ સહાય જુથને પ્રોત્સાહન
(B) માયક્રો અને મીડીયમ એન્ટરપ્રાઈઝને પ્રોત્સાહન આપવું.
(C) ''રાઈટ ટુ એજ્યુકેશન'' નો અમલ કરવો
(D) ઉપરોક્ત બધીજ બાબતો

040. (ઈન્ડીયન નેશનલ આર્મી ટ્રાયલ) INA ટ્રાયલ દરમ્યાન ક્યા એડવોકેટશ્રીએ બચાવની દલીલો રજુ કરેલ હતી?
(A) શ્રી ભુલાભાઈ દેસાઈ
(B) શ્રી આસફ અલી
(C) શ્રી સુભાષ ચંદ્ર બોઝ
(D) શ્રી સી. રાજગોપાલાચારી

041. જ્યારે દેશના બજેટમાં ''ખાધવાળુ બજેટ'' સતત રજુ કરવામાં આવે છે ત્યારે નીચેના પૈકી ક્યાં પગલા સરકાર લઈ શકે છે?
(A) મહેસૂલી ખર્ચ ઘટાડવો
(B) સહાયમાં ઘટાડો કરવો
(C) યોજનાઓનુ એકત્રીકરણ કરવું
(D) ઉપરોક્ત બધીજ બાબતો

042. "RBI એ બેન્કર્સ બેંક છે'' આ વાક્યના સંદર્ભમાં નીચેનું ક્યુ વાક્ય/વાક્યો સાચા છે?
(A) બેન્કો પોતાની ડીપોઝીટ RBI પાસે રાખે છે.
(B) RBI બેન્કોને જરૂર હોય ત્યારે ધિરાણ કરે છે.
(C) નાણાકિય બાબતોમાં RBI બેંકોને સલાહ/આદેશ આપે છે.
(D) ઉપરોક્ત બધાજ વાક્યો સાચાં છે.

**043.** નાણા આયોગ (Finance Commission) ના સંદર્ભમાં નીચેના પૈકી ક્યુ વાક્ય/વાક્યો સાચાં છે?

(A) પરદેશનાં મુડી રોકાણને પ્રોત્સાહન મળે તેવાં સુચનો કરે છે.

(B) જાહેર ક્ષેત્રનાં સાહસોને પુરતા નાણા મળે તે માટે સુચનો કરે છે.

(C) નાણાકિય વ્યવહારોમાં પારદર્શકતા આવે તેવી સલાહ આપે છે.

(D) ઉપરોક્ત A, B, C પૈકી કોઈ વાક્ય સાચુ નથી.

**044.** નીચેના પૈકી કોના સમયમાં સનદી સેવાનો આરંભ થયેલ હતો જે પછીથી "ICS" તરીકે પ્રખ્યાત થયેલ હતી.

(A) વૉરન હેસ્ટીંગ (B) વૅલેસ્લી

(C) કૉર્નવૅલીસ (D) વિલીયમ બેન્ટીક

**045.** ફત્તેપુર સિક્રી ખાતે આવેલ 'ઈબાદત ખાના' નો ઉપયોગ ક્યા હેતુ માટે કરવામાં આવતો હતો?

(A) શાહી યજમાનના જમવાના સ્થળ તરીકે

(B) અકબરના પ્રાર્થના સ્થળ તરીકે

(C) રાજ ઘરાણાની વ્યક્તિઓનાં પ્રાર્થના સ્થળ તરીકે

(D) અલગ અલગ ધર્મના જાણકારો સાથે અકબર ધર્મની ચર્ચા કરતો હતો.

**046.** પ્રાચીન શહેરો અને નદીઓના જોડકાઓ પૈકી ક્યુ જોડકુ સાચુ નથી?

1) મોહજો-દડો → ઈન્ડસ સિંધુ

2) હરપ્પા → રાવી

3) લોથલ → ભોગાવો

4) રોજડી → નર્મદા

(A) 1 (B) 2

(C) 3 (D) 4

**047.** કૃતિ અને લેખકોની જોડીને યોગ્ય રીતે ગોઠવો.

(1) મેઘદુત A) વિષ્ણુ શર્મા

(2) ગીત ગોવિંદ B) બાણભટ્ટ

(3) પંચતંત્ર C) જયદેવ

(4) હર્ષ ચરિત્ર D) કવિ કાલિદાસ

(A) 1-B, 2-C, 3-D, 4-A (B) 1-A, 2-B, 3-C, 4-D

(C) 1-D, 2-C, 3-A, 4-B (D) 1-C, 2-A, 3-B, 4-D

**048.** રાજકીય અને રાષ્ટ્રવાદી સંસ્થાઓ અને તેમના સ્થાપકોની જોડી માંથી કઈ જોડી યોગ્ય નથી.

1) સર્વન્ટ ઑફ ઈન્ડીયા → ગોપાલ કૃષ્ણ ગોખલે
2) ખુદાઈ ખીદમત્ગાર → અબ્દુલ ગફાર ખાન
3) ફોરવર્ડ બ્લોક → સુભાષચંદ્ર બોંઝ
4) સ્વરાજ પાર્ટી → કાજી નીઝમુલ ખાન

(A) 1 (B) 2
(C) 3 (D) 4

**049.** સામાજિક/ધાર્મિક સંગઠનો અને તેનાં સ્થાપકોને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) બ્રહ્મ સમાજ | A) સ્વામી વિવેકાનંદ |
| (2) પ્રાર્થના સમાજ | B) સ્વામી દયાનંદ |
| (3) આર્ય સમાજ | C) આત્મારામ પાંડુરંગ |
| (4) રામક્રિષ્ણ મીશન | D) રાજા રામ મોહન રૉય |

(A) 1-C, 2-B, 3-A, 4-D (B) 1-D, 2-C, 3-B, 4-A
(C) 1-B, 2-A, 3-D, 4-C (D) 1-A, 2-D, 3-C, 4-B

**050.** સ્વતંત્રતા ચળવળ વખતના પુસ્તકો અને લેખકોની જોડીને ધ્યાનમાં લઈને કઈ જોડી ઓ યોગ્ય છે તે જણાવો.

(1) ભવાની મંદિર → અરવિંદો ઘોષ
(2) ગોરા → રવિન્દ્રનાથ ટાગોર
(3) ગીતા રહસ્ય બાળ ગંગાધર ટીળક
(4) ડિસ્કવરી ઑફ ઈન્ડિઆ → જવાહર લાલ નેહરૂ

(A) 1, 2 અને 3 (B) 1, 2 અને 4
(C) 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

**051.** તા. 15 ફેબ્રુઆરી 2017 નાં રોજ ''ઈસરો'' દ્વારા એકી સાથે કેટલાં ઉપગ્રહો તરતા મુકેલ હતા?

(A) 102 (B) 103
(C) 104 (D) 105

**052.** સામાન્ય રીતે વિજળીના ગોળામાં (Bulb) ક્યો વાયુ ભરવામાં આવે છે?

(A) નાયટ્રોજન અને અર્ગ્રોનીયોન (B) હાયડ્રોજન
(C) કાર્બનડાયોક્સાઈડ (D) પ્રાણવાયુ

**053.** એલ્યુમિનિયમનાં ઉત્પાદનમાં કાચી ધાતુ તરીકે શાનો ઉપયોગ થાય છે?

(A) ગલીના (B) કેલામાઈન
(C) કેલ્શાઈટ (D) બોક્સાઈટ

**054.** ''લાઈટ ઈયર'' (Light Year) નો ઉપયોગ ક્યા હેતુ સર કરવામાં આવે છે?

(A) સમયની ગણત્રી (B) અંતરની ગણત્રી
(C) પ્રકાશની ગતિની ગણત્રી (D) પ્રકાશની તીવ્રતાની ગણત્રી

055. રેડીયમના રેડીયો એક્ટીવ એલીમેન્ટ (Radioactive element) ની શોધ કોણે કરેલ હતી?
(A) આઈઝેક ન્યુટન
(B) આલ્બર્ટ આઈનસ્ટાઈન
(C) બેન્જામીન ફ્રેન્કલીન
(D) મેરી ક્યુરી અને પેરી ક્યુરી

056. કોમ્પ્યુટર અને અન્ય સાધનોને "UPS" સાથે જોડવામાં આવે છે. "UPS" નું આખું નામ શું છે?
(A) યુનાઈટેડ પાર્સલ સર્વીસ
(B) યુનિફોર્મ પ્રોડક્ટ સપોર્ટ
(C) અંડર પેનલીંગ સ્ટોરેજ
(D) અનઈન્ટરેપ્ટેડ પાવર સપ્લાય

057. એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એક્ટ (Environmental Protection Act) ક્યારથી અમલમાં આવેલ હતો?
(A) 1980
(B) 1984
(C) 1986
(D) 1990

058. "NABH" નું પ્રમાણપત્ર કઈ સંસ્થાને આપવામાં આવે છે?
(A) દવાખાનું અને હોસ્પિટલ
(B) હૉટેલ અને લોજ
(C) સાયન્સ કૉલેજ
(D) વાહન વ્યવહાર માટેના રસ્તાઓ

059. વાતાવરણમાં નાયટ્રોજનનું પ્રમાણ લગભગ કેટલા ટકા છે?
(A) 78%
(B) 26%
(C) 21%
(D) 1%

060. ખાલી જગ્યાં પુરો.
AZ, BX, Cμ.........
(A) DP
(B) DR
(C) DQ
(D) DO

061. સાંકેતીક ભાષામાં
MADE ને NZWV તરીકે લખવામાં આવે છે તો BACK ને કઈ રીતે લખવામાં આવશે?
(A) XZWO
(B) YZXP
(C) NRJU
(D) STZU

062.

| | | |
|---|---|---|
| 3 | 380 | 7 |
| 2 | 224 | 6 |
| 1 | 720 | (?) |

ખાલી જગ્યા પુરો.
(A) 5
(B) 8
(C) 9
(D) 11

**063.**

| | |
|---|---|
| 64 | |
| 16 | 8 |

| | |
|---|---|
| 40 | |
| 24 | 5 |

| | |
|---|---|
| (?) | |
| 36 | 8 |

ખાલી જગ્યા પુરો

(A) 72 (B) 96
(C) 144 (D) 36

**064.** $A_1$, $A_2$ અને $A_3$ ની સરેરાશ 20 છે. $A_2$ અને $A_3$ ના સરવાળાને 2 વડે ગુણવામાં આવે તો તે રકમ 88 થાય છે.
આ સંજોગોમાં $A_1$ ની કિંમત શોધો.

(A) 44 (B) 20
(C) 16 (D) 28

**065.** પાંચ વ્યક્તિઓ ધરાવતા કુટુમ્બની માસિક સરેરાશ આવક 12,000 રૂા. છે. પાંચ વ્યક્તિઓ પૈકી એકના માસિક પગારમાં રૂા. 12,000 નો વધારો થાય છે. આ સંજોગોમાં પાંચ વ્યક્તિઓ ધરાવતા કુટુમ્બની માસિક સરેરાશ આવક કેટલી હશે?

(A) 12,000 (B) 24,000
(C) 22,000 (D) 14,400

**066.** જો $(x^2 + y^2) = 34$ છે અને $x^4 - y^4 = 544$ છે. આ સંજોગોમાં $x$ અને $y$ ની કિમ્મત કેટલી હશે?

(A) +4, +3 (B) +5, +3
(C) +3, +5 (D) +3, +4

**067.** કામ મોડુ કરવાં બદલ કામદારને પ્રથમ દિવસે 200 રૂા. બીજા દિવસે 250 રૂા, ત્રીજા દિવસે 300 રૂા. એમ દરરોજની રકમ 50 રૂા. વધારીને પેનલ્ટી વસુલ કરવાની શરત છે. જો કામ 10 દિવસ મોડુ થાય તો કુલ દંડ કેટલો થશે?

(A) 4,450 (B) 4,250
(C) 4,050 (D) 3,950

**068.** વાલ બારકર કપ (Val Barker Cup) કઈ રમત સાથે જોડાયેલ છે?

(A) સ્વીમીંગ (B) બોક્સીંગ
(C) લાંબો કૂદકો (D) ઉંચો કૂદકો

**069.** રમત અને તેની એક ટીમમાં રમતાં સભ્યોની સંખ્યાને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) પોલો | A) 1 |
| (2) વોલીબોલ | B) 2 |
| (3) બ્રીજ | C) 6 |
| (4) ચેસ | D) 4 |

(A) 1-D, 2-C, 3-B, 4-A (B) 1-C, 2-B, 3-A, 4-D
(C) 1-D, 2-B, 3-A, 4-C (D) 1-B, 2-A, 3-C, 4-D

**070.** કવીનસ્ બેરી રૂલ્સ (Queensberry Rules) કઈ રમતમાં પાળવામાં આવે છે?
(A) ટેનિસ
(B) બૉક્સીંગ
(C) બૅડમિન્ટન
(D) હૉકી

**071.** ''જીવ મિલ્ખા સિંઘ'' (Jeev Milkha Singh) કઈ રમત સાથે સંકળાયેલાં છે?
(A) વૉલીબૉલ
(B) ગોલ્ફ
(C) દોડ
(D) હૉકી

**072.** પ્રખ્યાત રમતવીર પેલે (Pele) કઈ રમત સાથે સંકળાયેલાં છે?
(A) ફુટબૉલ
(B) હૉકી
(C) વૉલી બૉલ
(D) ટેનીસ

**073.** નીચેના પૈકી ક્યો કપ/ટ્રૉફી પોલો રમત સાથે સંકળાયેલ છે?
(A) ડેવીસ કપ
(B) ચેમ્પીયન ટ્રૉફી
(C) રાધા મોહન કપ
(D) દેવધર ટ્રૉફી

**074.** સને 2018ની ''એશિયન ગેમ્સ'' ક્યા દેશમાં રમાનાર છે?
(A) કતાર
(B) ચીન
(C) સાઉથ કોરીયા
(D) ઈન્ડોનેશિયા

**075.** સામાન્ય રીતે કબ્બડી માટે રમતના મેદાન માટે કેટલી જગ્યા જરૂરી છે?
(A) $12^1/_2$ મીટર × 10 મીટર
(B) 15 મીટર × 12 મીટર
(C) 8 મીટર × 6 મીટર
(D) 9 મીટર × 6 મીટર

**076.** માહિતીનો અધિકાર અધિનિયમ 2005 ની કઈ કલમ હેઠળ સક્ષમને દંડ કરવાની સત્તા આપવામાં આવેલી છે
(A) 18
(B) 19
(C) 20
(D) 21

**077.** હાલમાં રાજ્યના રાજ્ય મુખ્ય માહિતી કમિશ્નર તરીકે કોની નિમણુંક થયેલ છે?
(A) શ્રી એચ.વી. પટેલ
(B) શ્રી વી.એસ. ગઢવી
(C) શ્રી આર.આર. વરસાણી
(D) શ્રી દિલીપ પી. ઠાકર

**078.** રૂઢિ પ્રયોગ - અર્થને યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) મેળો જામવો | A) કાર્યનો શુભઆરંભ કરવો |
| (2) મૂછ મરડવી | B) પાછા વળીને જોવુ |
| (3) પૂંઠ વાળવી | C) અભિમાન બતાવવું |
| (4) શ્રી ગણેશ કરવા | D) ઘણા માણસો એકઠા થવા |

(A) 1-C, 2-B, 3-A, 4-D
(B) 1-D, 2-C, 3-B, 4-A
(C) 1-B, 2-A, 3-D, 4-C
(D) 1-A, 2-D, 3-C, 4-B

**079.** નીચેના પૈકી કઈ જોડણી યોગ્ય નથી.

(1) પરિ નિર્વાણ

(2) ગુરૂમંત્ર

(3) ચૂંદલડી

(4) પીચકારી

(A) 1 (B) 2

(C) 3 (D) 4

**080.** નીચેનાં પૈકી કઈ જોડણીઓ સાચી છે.

(1) નિષ્ક્રિય

(2) નિર્ધાર

(3) ઑલિમ્પિક

(4) કિનખાબી

(A) 1, 2 અને 3 (B) 2, 3 અને 4

(C) 3, 1 અને 4 (D) 1, 2, 3 અને 4

**081.** નીચેના સમાસ પૈકી ક્યા સમાસનો વિગ્રહ યોગ્ય નથી.

(1) દૈવાધીન ⟶ દૈવને આધીન

(2) મંત્ર મુગ્ધ ⟶ મંત્ર વડે મુગ્ધ

(3) વરમાળા ⟶ વર અને માળા

(4) આજીવન ⟶ જીવન સુધી

(A) 4 (B) 3

(C) 2 (D) 1

**082.** નીચેનાં પૈકી 'અશ્વ'નાં સમાનાર્થી શબ્દો ક્યા છે?

(1) ઘોડો

(2) તુરંગ

(3) વાજી

(4) પાર્થ

(A) 1 અને 2 (B) 1 અને 3

(C) 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

**083.** નીચેના પૈકી કઈ સંધિ સાચી છે?

(1) શાસન + અધિકારી = શાસનાધિકારી

(2) વિદ્યા + અર્થી = વિદ્યાર્થી

(3) જ્યોતિ + ઈન્દ્ર = જ્યોતીન્દ્ર

(4) પરમ + ઉચ્ચ = પરમોચ્ચ

(A) 1 અને 2 (B) 1, 2 અને 3

(C) 1, 2, અને 4 (D) 1, 2, 3 અને 4

**084.** નીચેનાં પૈકી ક્યા રૂઢિપ્રયોગનો અર્થ યોગ્ય નથી.
1) અક્કલ ચરવા જવી → ભાન ભૂલવું
2) અખાડા કરવા → બેદરકારી બતાવવી
3) અઠે દ્વારકા → લાંબા સમય સુધી ધામા નાખવા
4) અડદ છાંટવા → અનાજનું વાવેતર કરવું
(A) 1 (B) 2
(C) 3 (D) 4

**085.** નીચેની કહેવતો અને તેના અર્થને ગોઠવેલ છે. તેમાંથી ક્યુ જોડકુ સાચુ નથી.
(1) અક્કર્મીનો પડિયો કાણો → કમનસીબને ત્યાં, ગમે ત્યાંથી મુસીબત આવે
(2) આંગળા ચાટ્યે કંઈ પેટ ન ભરાય → ખોટી કરકસરનો કોઈ અર્થ નથી.
(A) માત્ર પ્રથમ (B) માત્ર બીજુ
(C) 1 અને 2 બન્ને સાચાં છે (D) 1 અને 2 બન્ને સાચા નથી

**086.** Choose the word with exact opposite meaning :- ENORMOUS.
(A) Soft (B) Average
(C) Tiny (D) Weak

**087.** Give Antonyms for the word "Quiescent".
(A) Dormant (B) Weak
(C) Active (D) Unconnected

**088.** It is not fair to cast ............. on honest and innocent people : fill in the blank :
(A) aspiration (B) aspersions
(C) inspiration (D) adulation

**089.** Read a sentence, and underlined words. It needed make necessary change.
They invited <u>I and my friends.</u> to tea
(A) my friends and I (B) my friends and me
(C) to me and my friends (D) No change is needed

**090.** Choose the best expressed group of words for, proverb given below.
"To take with a grain of salt".
(A) To take with some reservation (B) To take with total disbelief
(C) To take whole heartedly (D) To take seriously

**091.** I saw him conducting the rehearsal - change the voice.
(A) He was seen conducting the rehearsal.
(B) I saw the rehearsal to be conducting by he.
(C) He was seen by me to conduct the rehearsal.
(D) I saw the rehearsal being conducted by him.

092. The teacher said, "The sun rises in the east." Change the speech.
(A) The teacher said that the sun rises in the east.
(B) The sun is rising in the east, said the teacher.
(C) The sun rises in the east, say the teacher.
(D) The teacher said that the sun is being rised in the east.

093. જુનિયર સિંગલ્સ બેડમિન્ટન પ્લેયર તરીકે બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા નંબર 1 તરીકે કોની જાહેરાત કરવામાં આવેલી છે?
(A) લક્ષ સેન
(B) સુમીત્રા સેન
(C) પ્રકાશ પાદુકોણ
(D) સાઈના નહેવાલ

094. મવાળ નેતાઓની ટીકા કરતાં લેખોની હારમાળા "New lamps for old" કે જે 1893-94 માં લખવામાં આવેલ હતી, તેના લેખક કોણ હતા.
(A) બિપીન ચંદ્ર પાલ
(B) અરબિંદો ઘોષ
(C) અશ્વીની કુમાર
(D) બાલ ગંગાધર ટિલક

095. મહાનુભાવો અને તેઓની સાથે સંકળાયેલ સંસ્થાઓનાં જોડકાઓમાંથી ક્યું જોડકુ સાચુ નથી.
(1) શ્રી બી.એસ. ધનો - વાયુદળનાં વડા
(2) શ્રી બીપીન રાવત - આર્મીનાં વડા
(3) શ્રી સુનીલ લાનબા - નૌસેનાનાં વડા
(A) 1
(B) 2
(C) 3
(D) બધાજ જોડકાં સાચાં છે

096. હાલમાં "IMF" બાબતે ઘણી ચર્ચા ચાલે છે, IMF નું આખું નામ શું છે? આ બાબતે ઈકોનોમિક સર્વેમાં પણ ચર્ચા કરવામાં આવેલી છે.
(A) ઈન્ટરનેશનલ મટીરિઅલ ફંડ
(B) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ
(C) ઈન્ડિયન મેન્યુફેક્ચરીંગ ફેડરેશન
(D) ઈન્ડિયન મિલ્ક ફેડરેશન

097. સને 2017 માં આપવામાં આવેલ પદ્મભુષણ એવોર્ડ મેળવનાર મહાનુભાવો અને તેમનાં કાર્યક્ષેત્રમેં યોગ્ય રીતે ગોઠવો.

| | |
|---|---|
| (1) પ્રોફેસર વિશ્વમોહન ભટ્ટ | A) કળા-સંગીત |
| (2) Dr દેવી પ્રસાદ દ્વિવેદી | B) સાહિત્ય |
| (3) રત્ન સુંદર મહારાજ | C) ભક્તિ ભાવના |
| (4) તહેમટોન ઉદવાડીયા | D) ચિકિત્સા વિજ્ઞાન |

(A) 1-B, 2-C, 3-D, 4-A
(B) 1-A, 2-B, 3-C, 4-D
(C) 1-C, 2-D, 3-A, 4-B
(D) 1-D, 2-A, 3-B, 4-C

**098.** પ્રધાન મંત્રી જીવન જ્યોત વીમા યોજના અંગે નીચેનાં વિધાનો પૈકી ક્યુ વિધાન યોગ્ય છે.

(1) આ યોજના 2015માં શરુ કરવામાં આવેલ હતી.

(2) યોજના હેઠળ 18થી 50 વર્ષના વયજુથની વ્યક્તિઓ આવરી લેવાયેલ છે.

(3) વાર્ષિક પ્રીમિયમ રૂા. 330 રૂા. છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

**099.** નીચે જણાવેલ સંરક્ષણ સંબંધીત વસ્તુઓ પૈકી કઈ વસ્તુઓ સ્વદેશમાં બનાવવામાં આવે છે?

(1) તેજસ

(2) રડાર ઈમેજીંગ સેટેલાઈટ

(3) નાગ - એન્ટી ટેન્ક મીસાઈલ

(4) અગ્ની-V

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1, 2, 3

(C) માત્ર 1, 2, 4 (D) 1, 2, 3 અને 4

**100.** નીચેનાં પૈકી ક્યુ કાર્ય ''ઈલેક્શન કમિશન ઑફ ઈન્ડિયા'' ECI દ્વારા કરવામાં આવતુ નથી.

(1) ઉમેદવારી પત્રોનો સ્વીકાર કરાવવો

(2) પોલીંગ બુથ ઉભા કરાવવા.

(3) ''મૉડેલ કોડ ઑફ કન્ડક્ટ''નો અમલ કરાવવો.

(4) રાજ્યની પંચાયતોની ચુંટણી કરાવવી.

(A) 1 અને 2 (B) 2, 3 અને 4

(C) 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4